
ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૬ ટકા ● સાંજે ૫૦ ટકા

# લકઝરીમાં થતી વિદેશી દારૂની હેરાફેરી પકડાઈ

## ગિયોડ પાસે પોલિસને જોઈને મુસાફરો અને લકઝરી પડતી મુકીને ડ્રાઈવર ભાગી ગયો : મુસાફરોના સામાન મુકવાના ખાનામાં દારૂનો જથ્થો સંતાડીને લવાઈ રહ્યો હતો




ગાંધીનગર, તા.૨૦

લકઝરી બસમાં મુસાફરોની સાથોસાથ વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની બાતમીને આધારે ચિલોડા પોલિસે નાકાબંધી કરીને ગિયોડ પાસેથી લકઝરી પકડી પાડી હતી. ચોંકાવનારી બાબતો એ છે કે પોલીસને જોઈને લકઝરી સાઈડ કરીને તેનો ડ્રાઈવર ભાગી ગયો હતો. ડ્રાઈવર લકઝરીમાં બેઠેલા મુસાફરોને પણ પડતા મુકીને ગયો હોવાથી કલાકો સુધી હેરાન થઈ તે લકઝરીમાં બેઠાલા મુસાફરો બીજું વાહન કરીને ત્યાંથી નીકળ્યા હતા. ચિલોડા પોલસે દારૂ તથા લકઝરી મળી કુલ રૂ. ૭.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

ચિલોડા પી.આઈ. નિરજ પટેલ તથા તેમની ટીમ બાતમીને આધારે ચન્દ્રાલા પાસે હોટલ આગમન સામે નાકાબંધી કરી દારૂની હેરાફેરી કરતી બાતમીવાળી લકઝરી નં. આર.જે. ૨૭પીબી ૫૪૪૫ની રાહ જોઈને બેઠી હતી. લકઝરી આવતા તેને રોકવા જતા લકઝરી ચાલકે લકઝરી ભગાવી હતી. પોલિસ કાફલાએ પીછો કરતાં તેનો ડ્રાઈવર ગિયોડ અંબાજી મંદિર સામે હોટલ ઓનેસ્ટ પાસે લકઝરી મુકીને ભાગી ગયો હતો. લાકઝરીમાં પેસેન્જર બેઠેલા હતા તેને મુકીને ડ્રાઈવર ભાગી જતા રઝળી પડયા હતા. પોલિસે લકઝરી તપાસતા બેટરી મુકવાના બોક્ષ અને મુસાફરોનો લગેજ મુકવાના ખાનામાંથી દારૂનો જથ્થો સંતાડેલો મળી આવ્યો હતો. પોલિસે રૂ. ૨૦,૬૦૦નો દારૂ તથા લકઝરી મળી રૂ. ૭,૨૦,૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આરપીની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.




## મોપેડમાં દારૂની હેરાફેરી કરતા બે ઝડપાયા

ચિલોડા પોલિસ ચંદ્રાલા ખાતે હોટલ આગમન પાસે વાહનચેકીંગ કરતી હતી ત્યારે એક જયુપીટર (મોપેડ) લઈને નીકળેલા બે શખ્સોને પકડી ડેકી તપાસતા તેમાંથી વિદેશી દારૂની ૬ નંગ બોટલ અને દેશી દારૂની ચાર બોટલ મળી આવી હતી. ચિલોડા પોલિસે રૂ. ૨૬૦૦ની કિંમતની ૧૦ બોટલ અને મોપેડ મળી કુલ રૂ. ૧૨૬૦૦નો મુદ્દામાલ જપ્ત કરી સે-૭માં રહેતા સમીર અશોક સોલંકી અને હિતેન ગોવિંદ વાઘેલાની ધરપકડ કરી વધુ પુછપરછ શરુ કરી છે.

## વાતવાતમાં

● યુનિસેફ દ્વારા આજે ઈન્ટરનેશનલ ચિલ્ડ્રન્સ ડે ઉજવવામાં આવ્યો હતો. જેમાં દરેક યુનિસેફ ઓફિસ ખાતે આજ રોજ સમગ્ર કાર્યભાર બાળકો દ્વારા સંભાળવામાં આવ્યો હતો. ગાંધીનગર ખાતે આવેલ યુનિસેફની ઓફિસ પણ હિલવુડસ સ્કુલના બાળકોએ સંભાળી હતી. યુનિસેફ તરફથી દરેક બાળકને સર્ટીફીકેટ પણ આપવામાં આવ્યા હતા.

# નવનિર્માણ સેના દ્વારા ધાબળા વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૦

નવનિર્માણ સેના જે ગાંધીનગર શહેરમાં સેવાકીય પ્રવૃત્તિ કરવા હંમેશાથી અગ્રેસર રહી છે. અત્યારે ધીરે ધીરે ઠંડીનું પ્રમાણ વધતું જાય છે. શહેરમાં કેટલાક એવા લોકો છે જે આવી કડકડતી ઠંડીમાં બહાર ફુટપાથ પર સુવે છે જેઓ પાસે પુરતા પ્રમાણમાં ગરમ કપડાં કે ઓઢવાના નથી. આવા શ્રમજીવીઓ અને રસ્તા પર રહેતા લોકોને 'નવનિર્માણ સેના' દ્વારા ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેરના જાણીતા એકટર તેમજ નવનિર્માણ સેનાના ઉત્સાહી કાર્યકર્તા જનક ઠક્કર તેમજ સેનાના ઉત્સાહી કાર્યકર્તા ભાઈઓ જેમાં પીન્ટુ બારોટ,



હર્ષદ ભોગલ, ધવલ પ્રજાપતિ, હાર્દિક પટેલ, ચંદ્રેશ મિસ્ત્રી, સમીર પટેલ, જીગ્નેશ સુથાર પણ સામેલ હતા. આવનારા સમયમાં આવા ઘણાં સમાજ ઉપયોગી કાર્યો નવનિર્માણ સેના દ્વારા આયોજિત કરવામાં આવશે એવું પ્રમુખ જનક ઠક્કરે જણાવ્યું છે.

# ચાર વર્ષથી વોન્ટેડ ઘરફોડીયો આખરે ઝડપાયો

## એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે પ્રેસ સર્કલ પાસેથી દબોચી લીધો

ગાંધીનગર, તા.૨૦

મહેસાણા જિલ્લાના નંદાસણ વિસ્તારમાં તરખાટ મચાવનાર ઘરફોડીયો ચાર વર્ષથી નાસતો ફરતો હતો. આ શખ્સને ગાંધીનગર એલસીબીની એબસ્કોન્ડર સ્કવોર્ડે બાતમી આધારે ઘ-૭ પ્રેસ સર્કલ પાસેથી દબોચી લેતા આખરે જેલના સળીયા પાછળ ધકેલાયો છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી લઈ નંદાસણ પોલીસને સોંપવા તજવીજ શરુ કરી છે.

ચુંટણી અનુસંધાને નાસતા ફરતા હોય તેવા આરોપીઓને પકડવા ડ્રાઈવ શરુ કરવામાં આવી છે. જે અંતર્ગત ગાંધીનગર એલસીબી પી.આઈ.જે.ડી. પુરોહીતની એબસ્કોન્ડર સ્કવોર્ડ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે પીએસઆઈ યુ.આર. નલવાયાની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના નંદાસણ પોલિસ સ્ટેશનના ઘરફોડ ચોરીના ગુનામાં સંડોવાયેલો દાહોદનો દિલીપ સામા ડામોર ગાંધીનગર શહેરમાંથી નીકળવાનો છે. આ બાતમી આધારે ઘ-૭ સર્કલ (પ્રેસ સર્કલ)પાસે ટીમ વૉચમાં ગોઠવાઈ ગઈ હતી અને ત્યાંથી પસાર થયેલા વોન્ટેડ આરોપી દિલીપ ડામોરને આખરે દબોચી લેવાયો હતો. વર્ષ ૨૦૧૩થી આ શખ્સ નાસતો ફરતો હતો.એલસીબીએ તેને પકડી પાડી નંદાસણ પોલીસને સોંપવા કાર્યવાહી કરી છે. આ આરોપીએ તેના સાગરીતો સાથે નંદાસણમાં આવેલી મોબાઈલની દુકાન તોડી ઘરફોડ ચોરી કરી હતી.




## પ્રાથમિક શાળાના કર્મચારીઓ આવેદન આપવા ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત રાજયની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા હજ્જારો સી.પી.એડ./ડી.પી.એડ./બી.પી.એડ./બી.પી.ઈ.અને એ.ટી.ડી.ની લાયકાત ધરાવતા વ્યાયામ-ચિત્રના કર્મચારીઓ પોતાના પ્રશ્નોની રજુઆત માટે આગામી તા. ૨૨-૧૧-૧૭ના રોજ ગાંધીનગર ખાતે એકઠા થવાના છે અને નિયામકશ્રીને આવેદનપત્ર આપી પોતાના પ્રશ્નોની રજુઆત કરશે.

રાજયભરની પ્રાથમિક શાળામાં ચિત્ર અને વ્યાયામ શિક્ષકો તરીકે ફરજ બજાવતા હજ્જારો શિક્ષકોને બ્રિજકોર્સમાંથી મુકિત મળે તે માટે એકઠા થવાના છે. ગાંધીનગર શહેરના સે-૧૩ ઓમકાર વિદ્યાલય ખાતે તા.૨૨ નવેમ્બરને બપોરે ૧ કલાકે એકઠા થઈને પ્રાથમિક નિયામકને મળી આ અંગે આવેદનપત્ર પાઠવી પોતાના પ્રશ્નો અંગે યોગ્ય કરવા રજુઆત કરશે તેમ કિશોરકુમાર પરમારે જણાવ્યું છે.

# આનંદીમાના વડલે મા અન્નપૂર્ણા વ્રત મહોત્સવનું આયોજન

## તા. ૨૪મી નવેમ્બરથી તા. ૧૪મી ડિસેમ્બર સુધી વ્રત મહોત્સવ યોજાશેઃ દરરોજ ૧૨ કલાક ધૂન તથા ૨૧ દિવસના મહાઅનુષ્ઠાનનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના માણસામાં મકાખાડ રોડ પરના આનંદીમાના વડલે તા. ૨૪મી નવેમ્બરથી અન્નપૂર્ણા વ્રતનો પ્રારંભ થઈ રહ્યો છે. અન્નપૂર્ણા વર્તમાં દર્શન સાથે દરરોજ બાર કલાક નામ સંકિર્તન તથા ૨૧ દિવસના મહાઅનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે.

માણસા ખાતેના મા પાલઈ વિધ્નેશ્વરીધામ પંચદેવ મંદિરે શ્રી વિધ્નેશ્વરી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વાનપ્રસ્થાશ્રમ આનંદીમાના વડલે આયોજિત અન્નપૂર્ણા વ્રતનો શુભારંભ તા. ૨૪મી નવેમ્બરે શુક્રવાર માગશર સુદ-૬ના દિવસે કરાશે. જેમાં દરરોજ સવારે ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી ૧૨ કલાકનામ સંકિર્તન ધૂન યોજાશે. વળી, અહીં ૨૧ દિવસના મહા અનુષ્ઠાન યોજાશે. આ વ્રતમાં ધૂનમાં ભાગ લેનાર ભકતજનો માટે સંસ્થા દ્વારા બપોરે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે તથા અખંડધૂનમાં બેસનાર ભજન મંડળીઓનું વિશેષ સન્માન કરવામાં આવનાર છે. શિયાળાની ઋતુને ધ્યાનમાં રાખીને ભકતો માટે સંસ્થા દ્વારા વાઢીયાના મલમની ઔષધિ પ્રસાદી તરીકે ભેટ આપવામાં આવનાર છે. આ મા અન્નપૂર્ણા વ્રત મહોત્સવનો લાભ લેવા ભાવિક ભકતોને સંસ્થાના માનદ મેનેજીંગ ટ્રસ્ટી દિનેશભાઈ વ્યાસ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સિવિલના નવા બિલ્ડીંગમાં લાઈટ ડુલ થતા ઓપરેશન મોકુફ રખાયા

ગાંધીનગર,તા.૨૦

ગાંધીનગર સિવિલમાં આજે સવારના સમયે અંદાજીત દોઢ કલાક જેટલો સમય નવા બિલ્ડીંગમાં લાઈટ ડુલ થતા દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. સિવિલના લાઈટીંગ વિભાગમાં આવેલ અલ્ટી બ્રેકસમાં ફોલ્ટ સર્જાયો હતો. આઠમાળની ઈમારતમાં લાઈટ ન હોવાથી કેટલાક દર્દીઓના ઓપરેશન મોકુફ રાખવાની ફરજ પડી હતી તો કેટલાક દર્દીઓના ઓપરેશન બે કલાક પાછા ઠેલાયા હતા. જયારે લાઈટ વિભાગના કર્મચારીઓની ભારે જહેમત બાદ લાઈટ શરુ થઈ ગઈ હતી.

ગાંધીનગર સિવિલમાં આઠમાળની ઈમારતમાં આજે સવારના સમયે જ લાઈટ બંધ થઈ ગઈ હતી. આઠમાળની ઈમારતમાં ઓપરેશન થિયેટર આવેલા છે તેમજ દર્દીઓના ઓપરેશન શરુ થાય તે પહેલા જ લાઈટ ન હોવાથી ઓપરેશન થઈ શકયા ન હતા. જયારે લાઈટ વિભાગમાં અલ્ટી બ્રેકર્સમાં ફોલ્ટ સર્જાતા લાઈટનો પુરવઠો નવી બિલ્ડીંગ સુધી જઈ શકતો ન હતો. પીઆઈયુ વિભાગના વાયરમેન કર્મચારીઓની ભારે મહેનત છતા અલ્ટી બ્રેકર્સ શરુ ન થતા વિજપુરવઠો શરુ થઈ શકયો ન હતો આખરે અમદાવાદથી કારીગરો બોલાવતા લાઈટનો પુરવઠો પુનઃ શરુ થઈ ગયો હતો. અંદાજે દોઢ કલાક જેટલો સમય લાઈટ ન હોવાથી દર્દીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. સર્જરી, આઈ વિભાગ, ઓર્થોપેડીક સહિતના વિભાગોના ઓપરેશન બંધ રાખવાની ફરજ પડી હતી તો કેટલાકને લાઈટ આવ્યા બાદ ઓપરેશન કરવામાં આવ્યા હતા. લાઈટના ડખાને કારણે તંત્રના અધિકારીઓ પણ દોડતા થઈ ગયા હતા. જયારે લાઈટ ન હોવાથી સવારના સમયે કર્મચારીઓ તેમજ દર્દીઓ સહિત મુલાકાતીઓ પણ બહાર આટાફેરા કરતા નજરે પડતા હતા. લાઈટ જતા દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

## પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ દહેગામનો સ્નેહમિલન સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા.૨૦

શ્રી પાંચ તાલુકા પ્રજાપતિ સમાજ, દહેગામનો સ્નેહમિલન સમારોહ તાજેતરમાં ઉત્કંઠેશ્વર મહાદેવ મંદિર સ્થિત શ્રી મંગળદાસ સોમાભાઈ અને શ્રીમતી જીવીબેન મંગળદાસ પ્રજાપતિ વિશ્રાંતિ ભવન ખાતે યોજાયો હતો. રજત જયંતિ વર્ષ હોવાને પગલે સમાજના નિનીત ક્રિમ ઓફ સોસાયટી વ્યકિતઓનું ખેતી, શિક્ષણ, વ્યવસાય,નોકરી, પારંગત ડિગ્રી, એન.આર.આઈ., ડોક્ટર, રાજકીય અને સામાજીક આગેવાનોનું પૂષ્પગુંચ્છ અને પુસ્તક આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બીજા સત્રમાં સમાજના તેજસ્વી તારલાઓનું ચંદ્રક આપી સન્માન કર્યું હતું. આ પ્રસંગે સમાજના ચક્ષુદાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્વામી વિવેકાનંદ યુવામંચની આગામી શિબિર તા.૭-૧-૧૮ તથા ૨૫માં રજત જયંતિ સમુહલગ્નની તા.૪-૨-૧૮ની જાહેરાત કરવામાં આવી છે. પરિવાર કલ્યાણ મંચના લાભાર્થીઓને સહાય રોકડમાં ચુકવવામાં આવી હતી તેમ સંસ્થાના પ્રમુખ નારણભાઈ એસ પ્રજાપતિએ જણાવ્યું છે.

# ગાંધીનગર મહાનગર લઘુમતી મોરચાના પ્રમુખ/મહામંત્રીની વરણી



ગાંધીનગર, તા.૨૦

ગુજરાત પ્રદેશ ભાજપાના અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મહામંત્રી કે.સી. પટેલ અને લઘુમતિ મોરચાના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ સુફિ સંતની સુચનાથી તા. ૧૭-૧૧-૨૦૧૭ના રોજ ગાંધીનગર મહાનગર ભાજપાના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ) દ્વારા આજ રોજ ગાંધીનગર મહાનગરના લઘુમતી મોરચાના પ્રમુખ તરીકે રફીકભાઈ મનસુરી અને મહામંત્રી તરીકે આરીફ શેખ તથા અશપાકભાઈ શેખની વરણી કરવામાં આવી છે.

# ગાંધીનગરના એનસીપી પ્રમુખ હિમાંશુ ભચેચ મહેસાણાથી ચુંટણી લડશે

ગાંધીનગર, તા.૨૦

શિયાળાની સિઝનમાં ઠંડીના ચમકારા વચ્ચે પણ રાજકીય ગરમાવો બરાબરનો જામ્યો છે. ચુંટણી જંગના બ્યુગલ વાગી ચુક્યા છે, ચૌરે અને ચૌટે ચુંટણીની વાતો થઈ રહી છે. ઓટલા બેઠકો અને શેરીઓમાં ખાટલા પરિષદો રોજ યોજાય છે. રાજકીય પક્ષોએ પ્રથમ તબક્કાના મતદાન માટેના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. આજથી ફોર્મ પણ ભરાવવાના શરુ થઈ ગયા છે. રાજયના મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષે આજે વિજય મુહર્તમાં ફોર્મ ભરી દીધા છે. કોંગ્રેસના ઉમેદવારોએ પણ કેટલીક બેઠકો પર ફોર્મ ભર્યા છે. ત્યારે કોંગ્રેસ અને એનસીપી વચ્ચે બેઠક નિષ્ફળ જતા હવે એનસીપી ૧૮૨ બેઠકો પર પોતાના ઉમેદવાર ઉભા રાખશે. આજે પ્રદેશ કાર્યાલય ખાતે એનસીપીના આગેવાન પ્રફુલ પટેલની આગેવાનીમાં બેઠક મળી હતી. જેમાં રાજયના વિવિધ જિલ્લાના પ્રમુખને બોલાવાયા હતા. આ બેઠક સવારથી લઈ બપોર સુધી ચાલુ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા એનસીપી પ્રમુખ હિમાંશુ ભચેચે મહેસાણા બેઠક માટે પોતાની ઉમેદવારી નોંધાવી છે. તેઓ મહેસાણામાં ડે.સીએમ.નિતિન પટેલ સામે ચુંટણી મેદાનમાં ઉતરશે. વિવિધ સમાજો, સંસ્થાઓ તેમજ યુવાવર્ગનો સાથ અને સહકાર સાંપડ્યો છે.જયારે ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકમાંથી એક પણ બેઠકના ઉમેદવાર હજુ સુધી રાજકીય પક્ષ દ્વારા જાહેર થયા નથી. ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકમાંથી પાટીદાર, ક્ષત્રિય, કે બ્રહ્મ સમાજના ઉમેદવાર ચુંટણી લડી શકે તેવી શકયતાઓ છે. ત્યારે આગામી દિવસમાં મોટાભાગની બેઠકોનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે અને ચુંટણીના પ્રચાર-પ્રસારનો આરંભ થશે.

# બીએસએફના ૧૭ જવાનોની ૧૫૩૪ કિમીની સાયકલ યાત્રા

## નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટથી પ્રારંભ થયેલ યાત્રા તા.૨૯મી નવેમ્બરે મુંબઈમાં ગેટ વે ઓફ ઈન્ડિયા ખાતે સમાપન પામશે

ગાંધીનગર,તા.૨૦

બીએસએફની દહેરાદુન ખાતેની ઈન્સ્ટિટયુટ ઓફ એડવેન્ચર એન્ડ એડવાન્સ ટ્રેનિંગના ૧૭ જવાનો હૈદરાબાદના આદિત્ય મેહના ફાઉન્ડેશન દ્વારા આયોજિત 'શહિદ દિવસ યાત્રા'માં સાઈકલ રાઈડ માટે જોડાયા છે. આ સાયકલ રાઈડ તા. ૧૫મી નવેમ્બરે દિલ્હીના ઈન્ડિયા ગેટથી પ્રારંભ થઈ છે. જે ૧૫૩૪ કિમીનું અંતર કાપીને તા. ૨૯મી નવેમ્બરે મુંબઈના ગેટ વે ઓફ ઈન્ડિયા ખાતે સમાપન પામશે. આજે આ સાયકલ યાત્રાએ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે પહોંચી સૂર્ય સૈનિક સ્કૂલની મુલાકાત લીધી હતી.




અરવલ્લી જિલ્લાના પોરંચા ગામે સૂર્ય સૈનિક સ્કૂલમાં શહીદ દિવસ યાત્રાના સાયકલ સવારો પહોંચ્યા ત્યારે અરવલ્લીના જિલ્લા કલેકટર શાલીની અગ્રવાલે યાત્રાનું સ્વાગત કર્યું હતું. મોડાસાથી આ યાત્રા વડોદરા, ભરૂચ, દમણ વાયા પાલઘર થઈને ગેટ વે ઓફ ઈન્ડિયા પહોંચશે. આ શહીદ દિવસયાત્રા બીએસએફના શહીદ થયેલા જવાનોના માનમાં યોજવામાં આવી છે.

# પીડીપીયુ ખાતે ભારતીય દર્શનશાસ્ત્ર વિષયે વકતવ્ય

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરની પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝ ખાતે તાજેતરમાં ભારતીય દર્શનશાસ્ત્ર વિષયે નિષ્ણાંત વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિ. ઓફ હૈદરાબાદના ફિલોસોફીના પ્રાધ્યાપક પ્રો.એ.રઘુરામ રાજુએ આપેલા વકતવ્યમાં તેમણે પાશ્ચાત્ય દર્શનશાસ્ત્ર સાથે ભારતીય દર્શનશાસ્ત્રની તુલના રજુ કરી હતી. તેમણે પોતાના વકતવયમાં ભગવદગીતા અને મહાત્મા ગાંધીના વિચારોને આવરી લીધા હતા વકતવ્યના અંતે તેમણે વિદ્યાર્થીઓને મુંઝવતા સવાલોના જવાબ આપ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન ડિપાર્ટમેન્ટ ઓફ લેંગ્વેજિસના આસી. પ્રોફેસર નીતા ખુરાનાએ કર્યું હતું જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.




## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન પુંજાભાઈ સોલંકી, ઉ.વ. ૫૭
- સ્વ. જવાનજી ચંદુજી ઠાકોર, ઉ.વ.૫૧
- સ્વ. રાજેન્દ્ર લાખમલ નાગપાલ, ઉ.વ. ૫૨
- સ્વ. પ્રહલાદજી મણાજી જાદવ, ઉ.વ. ૬૫
- સ્વ. સરસ્વતીબેન ચંદુભાઈ ગોર, ઉ.વ. ૭૨